5363 - 6292


ક્રમાંક : જીસીઈઆરટી/ વિજ્ઞાન/૨૦૧૧/૯૫૭૧૦-૬૨
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : gcert_21@yahoo.com

તારીખ : 18 - 07 - 2011

પ્રતિ,
**પ્રાચાર્યશ્રી,**
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

પ્રતિ,
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,** તમામ.

પ્રતિ,
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,** તમામ.

**વિષયઃ- INSPIRE એવોર્ડ અંતગર્ત કામગીરી તથા માર્ગદર્શક બાબતો બાબત**

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનુંકે **Ministry of Science and Technology; Department of Science and Technology, New Delhi** દ્વારા **Innovation in Science Pursuit for Inspired Research (INSPIRE)** પ્રોગ્રામ અંતર્ગત **Scheme for early Attraction Talent for Science (SEATS)** નામની યોજના અમલમાં મૂકવામાં આવી છે. તે મુજબ 10 થી 15 વર્ષની વયજૂથ ધરાવતા બાળકો માટે રુ. 5000/- નો એવોર્ડ આપવાની યોજના વર્ષ 2009-10 થી ભારત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.

**ગુજરાત રાજયમાં માન.અગ્રસચિવશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ આ યોજનાનું અમલીકરણ થઇ રહયું છે.** આ યોજનાનો લાભ ગુજરાતના બાળકોને વર્ષ 2010-11 દરમિયાન આપવા સારૂ ગત વર્ષે તમામ **પ્રાથમિક**/માધ્યમિક શાળાઓમાંથી નામ મંગાવવામાં આવેલ હતા. આ આવેલ નામો ભારત સરકારને મોકલી આપવામાં આવેલ હતા. જે અન્વયે તેમના તરફથી પ્રાથમિક શાળાઓ માટે પસંદગી થઇને ગુજરાત રાજયમાં કુલ 11797 ઈન્સ્પાયર એર્વોડ મંજુર કરવામાં આવેલ છે.

આ સંદર્ભે તમામ પસંદ થયેલ વિધાર્થી તથા શાળાએ જે કામગીરી કરવાની થાય છે. આ અંગેની જરૂરી માર્ગદર્શક બાબતો આ સાથે સામેલ છે. જે અનુસાર જ કામગીરી થાય તે જરૂરી છે.

- જિલ્લા કક્ષાએ એર્વોડ વિતરણની કામગીરી પ્રાથમિક શાળાઓ માટે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા અને માધ્યમિક શાળાઓ માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા કરવાની રહેશે. તા. 30 જુલાઇ 2011 સુધીમાં આ એર્વોડના નાણા બેંકમાંથી શાળા / વિધાર્થી મેળવી લે એ રીતે જિલ્લામાં આયોજન કરવા વિનંતિ.
- એર્વોડના જે નાણા વિધાર્થીને આપવામાં આવે છે. તે નાણા પૈકી 50 ટકા નાણાનો ઉપયોગ વિજ્ઞાન પ્રદર્શન માટે મોડેલ્સ બનાવવા માટે કરવાનો રહેશે. બાકીની રકમનો ઉપયોગ જિલ્લા કક્ષાના પ્રદર્શન સુધી ટ્રાવેલીંગ ખર્ચ માટે કરવાનો રહેશે. શાળાએ આ અંગેનું સંમતિપત્ર જે તે વિધાર્થીના વાલી પાસેથી મેળવવાનું રહેશે.

②

- જીસીઇઆરટી દ્વારા જે વિજ્ઞાન પ્રદર્શનોનું આયોજન કરવામાં આવે છે. તેમાં આ એર્વોડ મેળવનાર વિધાર્થી અને શાળાએ પ્રદર્શનના જુદા જુદા વિભાગો પૈકી કોઇ પણ એક વિભાગમા ફરજીયાત પોતાનું મોડેલ્સ રજુ કરવાનું રહેશે. આ અંગેની વિગતવાર માહિતી તમામ ડીઇઓ/ડીપીઇઓ/ બીઆરસી/ એસવીએસ કન્વીનરને આપવામાં આવશે. પ્રાથમિક શાળાઓ માટે આ પ્રદર્શનો સીઆરસી કક્ષાથી શરૂ કરી જીલ્લા કક્ષા સુધી અને માધ્યમિક શાળાઓ માટે આ પ્રદર્શનો એસવીએસ કક્ષાથી જીલ્લા કક્ષા સુધી આયોજીત કરવામાં આવે છે. આ અંગેનો પરીપત્ર આપની કક્ષાએથી તમામ શાળાઓને કરવા વિનંતિ છે.
- મોડેલ્સ તૈયાર કરવા સંદર્ભે અને ટ્રાવેલિંગ સંદર્ભે કરવામાં આવેલ ખર્ચની તમામ વિગતો શાળા કક્ષાએ રાખવાની રહેશે.
- જે વિધાર્થી અને શાળાઓને આ એર્વોડ મળેલ છે તે શાળાએ ફરજીયાત વિજ્ઞાન પ્રદર્શનમાં ભાગ લેવાનો રહેશે. જેમાં પ્રાથમિક શાળાઓએ સીઆરસી કક્ષાએ અને માધ્યમિક શાળાએ એસવીએસ કક્ષાએ પોતાની શાળાનું મોડેલ્સ રજુ કરવાનું રહેશે. ત્યાર પછે ક્રમિક રીતે તે શાળા ઉપરની કક્ષાએ જશે.
- એર્વોડ વિતરણ કર્યા અંગેના સર્ટીફીકેટ બાબત :
- શાળા પાસેથી એર્વોડ વિતરણ કર્યા અંગેનું સર્ટીફીકેટ તાલુકા કક્ષાએ મેળવવાનું રહેશે. તાલુકા કક્ષાએથી આ અંગેનું સર્ટીફીકેટ જીલ્લા કક્ષાએ મોકલવાનું રહેશે. જીલ્લા કક્ષાએથી રાજય કક્ષાએ આ અંગેનું એક જ સર્ટીફીકેટ મોકલવાનું રહેશે. આ સર્ટીફીકેટ અંગ્રેજીમાં આપવાનું રહેશે.
- અર્વોડના નાણાનો ઉપયોગ પ્રદર્શન ઉપરાંત વિજ્ઞાન શિક્ષણ સંદર્ભેની પ્રવૃતિ માટે ઉપયોગ કરી શકાશે.
- જિલ્લા કક્ષાએથી રાજય કક્ષાએ એર્વોડ વિતરણ કર્યા અંગેના બે અલગ અલગ સર્ટીફીકેટ મોકલવાના રહેશે. જેમાં પ્રાથમિક શાળાઓ સંબધિત સર્ટીફીકેટ ડીપીઇઓશ્રીની સહીથી અને માધ્યમિક શાળાઓ સંબધિત સર્ટીફીકેટ ડીઇઓશ્રીની સહીથી રીડર, વિજ્ઞાન-ગણિત એકમ, જીસીઇઆરટીને મોકલવાનું રહેશે.
- **ઈન્સ્પાયર એર્વોડ અંતગર્ત વિધાર્થીના નામ જોગ વોરંટ તૈયાર કરવામાં આવેલ છે. જે વોરંટ નજીકની સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયામાં રજુ કરવાથી નાણા મળી શકશે. આ માટે ખાતુ ખોલવવાની જરૂર નથી. આ અંગે વધુ માહિતી માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ન્યુ દિલ્હી મેઇન બ્રાંચ, સંસદ માર્ગનો સંપર્ક કરવો. ( સંપર્ક - 011-23374180-183484, Mo- Rabindra Sharma - AGM—9650060130, T.S.Shrivastav – 9958376616)**
- પ્રદર્શન સંદર્ભે વિશેષ જાણકારી ડાયટ પાસેથી મેળવી શકાશે.

આભાર સહ

હિસાબી અધિકારી,
જીસીઇઆરટી,
ગાંધીનગર.

નકલ રવાના જાણ સારુ :

- શ્રી એસ.એમ.ગામીત, ઉપસચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર.